આંક–

**નમુનો – અ**

सत्यमेव जयते

# મહે. મેંદરડાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટ, મુ. મેંદરડા,

## ચુકાદાની તારીખ ૨૪/૦૭/૨૦૨૬
## ફોજદારી કેસ નં. ૭૪/૨૦૨૬

### ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી),૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૯૨૫૦૩૭૫/૨૫ |
| પોલીસ સ્ટેશન | મેંદરડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી | વિ. એ.પી.પી. શ્રી કે.બી. ટાંક |
| આરોપી પક્ષ | (૧) પ્રીયાન ઉર્ફે ભોલો ઉગાભાઇ મકવાણા ઉ.વ. ૨૯, ધંધો – મજુરી, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૨) ફરીનબેન વા/ઓ પ્રીયાંનભાઇ ઉર્ફે ભોલો ઉગાભાઇ મકવાણા, ઉ.વ. ૨૯, ધંધો – ઘરકામ, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૩) રમાબેન વા/ઓ ઉગાભાઇ ગોવિંદભાઇ મકવાણા ઉ.વ. ૫૦, ધંધો – ઘરકામ, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૪) અરુપાબેન વા/ઓ સંજયભાઇ મનસુખભાઇ મારુ ઉ.વ. ૩૫, ધંધો – ઘરકામ, રહે. જી.પી. હાઇસ્કુલની સામે, મેંદરડા, જી. જુનાગઢ, |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | પી.પી. સારીયા |

**–:નમુનો–બ:–**

-

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૭/૧૧/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૮/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ શું નિર્દોષ/ દોષ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રીયાન ઉર્ફે ભોલો ઉગાભાઇ મકવાણા | ૧૯/૧૨/૨૫ ના રોજ નોટીશ આપેલ છે. | – | બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ | નિર્દોષ | –– | –– |
| ૨ | ફરીનબેન વા/ઓ પ્રીયાંનભાઇ ઉર્ફે ભોલો ઉગાભાઇ મકવાણા, | '' | – | '' | '' | '' | '' |
| ૩ | રમાબેન વા/ઓ ઉગાભાઇ ગોવિંદભાઇ મકવાણા | '' | – | '' | '' | '' | '' |
| ૪ | અરુપાબેન વા/ઓ સંજયભાઇ મનસુખભાઇ મારુ | '' | – | '' | '' | '' | '' |

## –:નમુનો–ક :–
## –: સાહેદોનું લીસ્ટ :–

**<u>અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :–</u>**

| **ક્રમ** | **આંક** | **નામ** |
|---|---|---|
| પી.૧ | ૧૦ | ફરીયાદી સંજયભાઇ મનસુખભાઇ મારુની જુબાની |

## –: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–

**અ.ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૧૧ | અસલ ફરીયાદ |
| ડી.૨ | ૧૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૧૩ | આરોપી હાજર રહયા અંગેનું તથા હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું |
| ડી.૪ | ૧૪ | મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૫ | જાહેરનામું |
| ડી.૬ | ૧૬ | કલોઝીંગ પુરસીસ |

## –: ચુકાદો :–

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામના આરોપીઓએ ગઇ તા. ૧૭/૧૧/૨૦૨૫ ના આશરે ૧૪/૦૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ અગાઉના મનદુ:ખના કારણે ફરીયાદીને ભુંડી ગાળો આપી, આરોપી નં. ૧ તથા નં. ૩ નાએ લાકડી વડે તથા આરોપી નં. ૨ તથા ૪ નાઓએ ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને શરીરે મુંઢ ઈજાઓ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે.

**(૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓ વિરુધ્ધ મેંદરડા પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૫૦૩૭૫/૨૫ થી બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરુરી પંચનામા કરી, આરોપીઓ વિરુધ્ધ કાનુની

કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપીઓ વિરુધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપિસ્થત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ્ ઉપિસ્થત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ આરોપીઓની પ્લી આ કામે આંક – ૦૬ થી ૦૯ સુધીની રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરુધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ.

(૪) **પ્રોસીકયુશનનો પુરાવો :–** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નમુના 'ક' મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની મૌખિક રજુઆતો ધ્યાને લીધી તથા બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

(૭) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઇ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત થયેલા.

| -: **મુદ્દા** :- | |
|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ વાજબી શંકા રહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા. ૧૭/૧૧/૨૦૨૫ ના આશરે ૧૪/૦૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ અગાઉના મનદુ:ખના કારણે ફરીયાદીને ભુંડી ગાળો આપી, આરોપી નં. ૧ તથા નં. ૩ નાએ લાકડી વડે તથા આરોપી નં. ૨ તથા ૪ નાઓએ ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને શરીરે મુંઢ ઇજાઓ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

**(૮) મુદ્દાઓના નિર્ણય**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**(૯) નિર્ણય માટેના કારણો :-**

**મુદ્દા નં. ૧ :-**

(૯.૧) ફરીયાદ પક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા અગાઉ ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક – ૧૦ થી ફરીયાદી સંજયભાઇ મનસુખભાઇ મારુ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગત તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ બપોરના આશરે બે વાગ્યાના અરસામાં

તેઓ જી.પી.હાઈસ્કુલની સામે કાકા પાન નામની દુકાને બેઠેલ હતા ત્યારે તેઓની પત્ની અરૂપાનો તેમને ફોન આવેલ અને તેમને આંગણવાડી આવવાનું કહેતા તેઓ આંગણવાડીએ તેઓના પત્નીને ચાવી દેવા માટે ગયેલ ત્યારે તેઓને તેઓની પત્નીએ કહેલ કે, તમે મને મારા પિતાના ઘરે મુકી જાવ જેથી તેઓ તેઓની પત્ની અરૂપા તથા તેઓના બાળકોને મુકવા માટે તેઓના સસરાના ઘરે સાત વડલા ખાતે ગયેલ ત્યારે તેઓની પત્ની અને તેઓના બાળકો તેઓના સસરા અમરાભાઈ ગોવિંદભાઈ મકવાણા ઘરે ગયેલ અને તેઓ ઘરની બહાર ઉભેલ હતા ત્યારે ઘરની અંદરથી ફરનબેન પ્રિયાન તથા તેઓના કાકીજી સાસુ રમાબેન ઉગાભાઈ મકવાણા બંન્ને હાથમાં લાકડી લઈને બહાર આવેલ અને બોલાચાલી કરવા લાગેલ. ત્યારે પ્રિયાન ઉર્ફે ભોલો પણ આવેલ અને તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ. આ બનાવ વખતે તેઓના પત્ની અરૂપા સંજયભાઈ મારુ પણ ત્યાં ઉભેલ હતા અને તે પણ આ બધા લોકોને કહેવા લાગેલ તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ. તેઓની વચ્ચે બોલાચાલી થતા લોકો એકઠા થઈ જતા તેઓને ધકકો લાગતા તેઓને ઈજાઓ થયેલી. આ કામની ફરિયાદ તેઓએ આપેલી જે અસલ ફરિયાદ આંક – ૧૧ થી રજુ થયેલ છે.

સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી અને તેઓની વચ્ચે માત્ર બોલાચાલી થયેલી, આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નહી, તેઓને કહેવાતી ઈજાઓ બોલાચાલી થતા લોકો એકઠા થઇ જતા તેઓ પડી જતા થયેલી છે. તેઓએ સારવાર દરમ્યાન ફરજ પરના ડોકટરને કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી.

<u>**પુરાવાનું મુલ્યાંકન :–**</u>

(૧૦) આમ ફરીયાદ પક્ષનો ઉપરોકત રજુ થયેલ સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, સદર કામે બનાવના મહત્વના સાહેદ ફરીયાદીએ આંક – ૧૦ થી રજુ થયેલ તેમના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી અને તેઓ અને આરોપીઓ વચ્ચે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું તેમજ આરોપીએ કોઇ ગાળો આપેલ ન હોવાનું અને તેઓને ધકકા મુકકીમાં પડી જવાથી ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે, જેથી સદર કામે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા, બનાવની હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ થયેલ નથી, જેથી સદર કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામના આરોપી ધ્વારા તેમને ભુંડી ગાળો બોલેલ હોય અને લાકડી તથા ઢીકાપાટુનો મુંઢ માર મારી ઈજા કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી હકીકતને સમર્થનકારી પુરાવો જેવો કે આરોપી ધ્વારા આપવામાં આવેલ ગાળોના શબ્દો શું હતા અને તે કેવા પ્રકારની ગાળો હતી તેમજ આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે ફરીયાદી સતત ભયના ઓથાર થળે રહેતા હોય તેમજ તેઓને આરોપીઓ ધ્વારા માર મારી ઈજા કરેલ હોય તે બતાવતુ મેડીકલ સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ છે જે સર્ટીફીકેટની હકીકતોને પુરવાર કરવા માટે ડોકટર સાહેદનો પુરાવો રજુ કરેલ હોય તેવો કોઇ સ્પષ્ટ પુરાવો ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર કામે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપી ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોય તેવી હકીકત નિ:શંકપણે સાબીત કરતો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. વધુમાં સદર કામે આંક – ૧૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું અને આંક – ૧૩ થી આરોપી હાજર રહયા અંગેનું તથા હથિયાર કબજે કર્યા અંગેના પંચનામાને બચાવ પક્ષની સંમતિથી આંક પડેલ છે, સદર કામે રજુ પંચનામાની હકીકતને પુરવાર કરવા માટે પંચસાહેદનો પુરાવો રેકર્ડ કરાયેલ નથી. જેથી તેવા દસ્તાવેજોને પુરાવામાં ગ્રાહય રાખવાનું કોઇ કારણ રહે નહી. હાલના કેસમાં આ કામના આરોપી ધ્વારા ફરીયાદીને અગાઉના મનદુ:ખના કારણે ભુંડી

ગાળો આપી, લાકડી અને ઢીકાપાટુથી શરીરે માર મારી ઈજાઓ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય, તેવી હકીકત સાબીત કરતો કોઈ સબસ્ટેન્સીવ/મુખ્ય પુરાવો રજુ થયેલ નથી, ત્યારે તેવા સબસ્ટેન્સીવ પુરાવાના અભાવે માત્ર ઉપરોકત જણાવેલ પંચનામારુપી સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર જયારે આરોપીઓને ગુનામાં સંડોવણી સાબીત કરતો મુખ્ય પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે માત્ર સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓથી આ કામના આરોપીઓએ ગઈ તા. ૧૭/૧૧/૨૦૨૫ ના આશરે ૧૪/૦૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ અગાઉના મનદુ:ખના કારણે ફરીયાદીને ભુંડી ગાળો આપી, આરોપી નં. ૧ તથા નં. ૩ નાએ લાકડી વડે તથા આરોપી નં. ૨ તથા ૪ નાઓએ ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને શરીરે મુંઢ ઈજાઓ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી, મહે. જીલ્લા મેજી. સા. ના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત શંકા રહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(એ)** આ કામના આરોપી નં.(૧) પ્રીયાન ઉર્ફે ભોલો ઉગાભાઈ મકવાણા ઉ.વ. ૨૯, ધંધો – મજુરી, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૨) ફરીનબેન વા/ઓ પ્રીયાંનભાઈ ઉર્ફે ભોલો ઉગાભાઈ મકવાણા, ઉ.વ. ૨૯, ધંધો – ઘરકામ, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૩) રમાબેન વા/ઓ

ઉગાભાઇ ગોવિંદભાઇ મકવાણા ઉ.વ. ૫૦, ધંધો – ઘરકામ, રહે. સાતવડલા વિસ્તાર, મેંદરડા, જી. જુનાગઢ, (૪) અરુપાબેન વા/ઓ સંજયભાઇ મનસુખભાઇ મારુ ઉ.વ. ૩૫, ધંધો – ઘરકામ, રહે. જી.પી. હાઇસ્કુલની સામે, મેંદરડા, જી. જુનાગઢનાઓને તેઓ વિરુધ્ધ આક્ષેપીત બી.એન.એસ. કલમ – ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(બી)** આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના દરેકે રુ. ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

**(સી)** આ કામે કબજે કરેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૪ મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૪/૦૭/૨૦૨૬
મેંદરડા

(જે.બી. પુરોહીત)
જયુડી. મેજીસ્ટ્રેટ,ફ.ક.
મેંદરડા
**જી.જે.૦૧૧૮૫**